# ગોદરેજ સીક્યોરિટી સોલ્યુશનનો ઉદ્દેશ સલામત ભારતનું નિર્માણ કરવાનો છે

સીક્યોરિટી સોલ્યુશન્સનાં સ્વીકાર્ય દરમાં વધારા અને જ્યાં નાગરિકો વિશ્વાસ સાથે કહી શકે કે "આઇ એમ સીક્યોર એવા સુરક્ષિત રાષ્ટ્રનું નિર્મઆણ કરવાનાં ઉદ્દેશ સાથે ભારતની અગ્રણી સીક્યોરિટી સોલ્યુશન્સ પ્રોવાઇડર ગોદરેજ સીક્યોરિટી સોલ્યુશન્સ (જીએસએસ)એ વિવિધ શહેરોમાં ઉપભોક્તા જાગૃતિ અભિયાન "આઇએમસીક્યોર શરૂ કર્યું હતું. આ અભિયાન મુંબઇ, દિલ્હી, હૈદરાબાદ, કોચી, અમદાવાદ, પૂણે, જયપુર, ચંદીગઢ, ઉદેપુરમાં શરૂ થયું હતું અને ટૂંક સમયમાં ચેન્નાઇ અને કોલકાતામાં યોજાશે. આ ઈવેન્ટ દરમિયાન કંપનીએ હોમ સીક્યોરિટીનાં અનેક નવા સોલ્યુશન લોંચ કર્યા હતાં, જેમાં વાઇફાઇ અનેબલ્ડ ઈવીઈ સીરિઝ અને સી થ્રૂ પ્રો વીડિયો ડોર ફોન્સ સામેલ છે.

આ અભિયાનનો ઉદ્દેશ દેશને સુરક્ષાની જવાબદારી લેવા સક્ષમ બનાવવાનો, તેમને વિવિધ સોલ્યુશન અંગે જાગૃત કરવાનો અને સલામતી અને સુરક્ષિત જીવન માટે સ્વરક્ષણ શીખવવાનાં મહત્ત્વ પર જાણકારી આપવાનો છે. કંપની જાગૃતિ કાર્યક્રમો મારફતે પોતાનાં વિતરકો સાથે પણ સંકળાયેલી છે.

ગોદરેજ સીક્યોરિટી સોલ્યુશનનાં માર્કેટિંગ, સેલ્સ એન્ડ ઇન્નોવેશનનાં ગ્લોબલ હેડ અને વાઇસ પ્રેસિડન્ટ શ્રી મેહેરનોશ પીઠાવાલાએ કહ્યું હતું કે, "ભારતમાં સીક્યોરિટી માર્કેટ મુખ્યત્વે "જરૂરિયાત આધારિત બજાર છે, નહીં "ઉપભોક્તા-સંચાલિત.